# Official Spokesperson's response to media queries on remarks by Pakistani Prime Minister in Gilgit today regarding his government’s decision to accord “provisional provincial status” to the so-called “Gilgit-Baltistan”

November 01, 2020

# કથિત “ગિલગિટ-બાલ્ટિસ્તાન” ને “પ્રાવધાનિક પ્રાંતીય દરજ્જો” આપવાનાં પાકિસ્તાનની સરકારનાં નિર્ણયની બાબતમાં આજે ગિલગિટમાં પાકિસ્તાનનાં વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ પરનાં મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

નવેમ્બર 01, 2020

**કથિત “ગિલગિટ-બાલ્ટિસ્તાન” ને “પ્રાવધાનિક પ્રાંતીય દરજ્જો” આપવાનાં પાકિસ્તાનની સરકારનાં નિર્ણયની બાબતમાં આજે પાકિસ્તાનનાં વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ પરનાં મીડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું:**

"પાકિસ્તાનનાં ગેરકાનૂની અને બળપૂર્વકનાં કબ્જામાં રહેલા ભારતીય પ્રદેશનાં ભાગમાં મહત્વનાં ફેરફારો લાવવાનાં પાકિસ્તાનનાં પ્રયાસને ભારત સરકાર મક્કમ રીતે નકારી કાઢે છે. હું પુનઃઉચ્ચારણ કરું છું કે કથિત “ગિલગિટ-બાલ્ટિસ્તાન” નાં ક્ષેત્ર સહિત કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ અને કાશ્મિર અને લદાખ 1947 માં ભારત ગણરાજ્યમાં જમ્મુ અને કાશ્મિરનાં કાયદેસરનાં, સંપૂર્ણ અને ફેરવી ન શકાય તેવા રાજ્યારોહણની સત્તાથી ભારતનો અખંડ ભાગ છે. પાકિસ્તાનની સરકાર તેનાં દ્વારા ગેરકાયદેસર અને બળપૂર્વક કબ્જો કરવામાં આવેલા પ્રદેશો પર કોઇ અધિકાર ધરાવતી નથી. પાકિસ્તાનનાં આવા પ્રયાસો તેનાં ગેરકાયદેસરનાં કબ્જાને ઢાંકવાનો હેતું ધરાવે છે, જે પાકિસ્તાનનાં કબ્જામાં રહેલા પ્રદેશોમાં રહેતા લોકોને સાત દાયકાઓથી વેઠવા પડી રહેલા માનવ અધિકારોનાં ઉલ્લંઘનો, શોષણ અને સ્વતંત્રતાથી દૂર રાખવાની બાબતોને સંતાડી શકતી નથી. આ ભારતીય પ્રદેશોનાં દરજ્જાને બદલવાની ભાવનાને બદલે, અમે પાકિસ્તાનને તાત્કાલિક અસરથી તેનાં ગેરકાયદેસર કબ્જામાં રહેલા તમામ ક્ષેત્રો ખાલી કરવા આહ્વાન કરીએ છીએ.”

**નવી દિલ્હી**
**નવેમ્બર 01, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.